# પાઠ - ૧ તમારું નવું જીવન

**યાદ રાખો :** *" માટે જે કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પતિ છે, જે જુનું હતું તે સર્વ જતું રહ્યું છે. જુઓ તે નવું થયું છે. (૨ કરિંથી ૫ : ૧૭)*

**પ્રસ્તાવના :** *જે રીતે પોતાનું જીવન જીવ્યા છે તેવા દુઃખી લોકો આજના આપણા આ જગતમાં છે. ઘણાં એવું ઈચ્છે છે કે તેઓ કોઈ રીતે પાછા જઈ શકે, તેમના ભૂતકાળ ભૂસી નાખે અને ફરી થી બધી શરૂઆત કરે. જેઓ એ નવો જન્મનો અનુભવ કર્યો છે તેમના જીવનમાં ઈશ્વરે બિલકુલ એવું જ કર્યું છે. એટલે કે ચોક્કસ પણે 'નવો જન્મ' કોઈ પણ આત્માએ તેના જીવનકાળ દરમિયાન ક્યારેય અનુભવેલો સૌથી મહાન ચમત્કાર છે.*

*આ નવા જીવનની સાથે નવું જ્ઞાન, નવી લાગણીઓ, નવી ઈચ્છાઓ અને નવી અગ્રતાઓ આવે છે.*

## ખ્રિસ્તમાં નવી ઉત્પતિ

*(૧) જ્યારે ઈશ્વરે આપણને પવિત્ર આત્માથી ભરપૂર કર્યા, તેમણે આપણને 'નવો' આત્મા આપ્યો કે જેણે આપણા હૃદયની લાગણીઓને અસર કરી.*

*ઈઝકિએલ ૧૧ : ૧૯ કહે છે કે,*

*તેમણે આપણામાંથી ...................... નું હૃદય દૂર કર્યુ અને આપણને ...................... આપ્યું.*

*(૨) નવો જન્મ આપણને નવો અનુભવ આપે છે, તેમ છતાં આપણે આપણા જુના સ્વભાવને આપણા ઉપર રાજ કરવા દઈએ છીએ. એફેસી ૪ : ૨૨-૨૪ આપણને કહે છે કે તમારી આગલી વર્તણૂંકનું ...................... દૂર કરો અને ...................... પહેરી લો જે દેવના મનોરથ પ્રમાણે ન્યાયીપણમાં તથા સત્યતાની પવિત્રતામાં સરજાએલું છે.*

*(૩) રોમન ૩ : ૪ આપણને કહે છે કે આપણે ...................... માં ચાલીએ.*

*(૪) આપણે આપણા જૂના જીવનને મૃત્યુ પામેલુ ગણવાનું છે. જુનો માણસ ખ્રિસ્ત સાથે વધસ્તંભે જડાયો છે. શું આપણા ઉપર હવેથી રાજ કરશે નહિ ? (રોમન ૬ : ૧૪) ......................*

*(૫) જેવી તમે તમારા નવા જીવનની શરૂઆત કરો ત્યારે એ અગત્યનું છે કે આપણા ભૂતકાળની એ ઈચ્છાઓની ઝંખના ના રાખીએ કે જે પવિત્ર જીવન જીવવામાં કોઈ ફાળો નહોતી આપતી.*

*ઈસુએ કહ્યું કે, "કોઈ માણસ હળ પર હાથ દીધા પછી પછવાડે જુએ તો તે ......................" (લુક ૯ : ૬૨)*

*(૬) મિસરની ગુલામીમાંથી ઈસ્ત્રાએલનો ચમત્કારિક છુટકારો થયા પછી તેઓએ ખરેખર મિસરના ખોરાકની*

લાલસા રાખવાની અને ફરિયાદ કરવાની શરૂઆત કરી. સ્વતંત્રતા કરતા પોતાના પેટને મિસરની મનભાવતી વાનગીઓથી ભરવું વધારે અગત્યનું છે એમ કરી ને પોતાના મનને છેતર્યા.

નવો જન્મ આપણને નવો અનુભવ આપે છે, તેમ છતાં આપણે આપણા જુના સ્વભાવને આપણા ઉપર રાજ કરવા દઈએ છીએ.

૨ પિતર ૨ : ૨૧-૨૨ કહે છે, કારણકે એકવાર ન્યાયપણાનો માર્ગ જાણ્યા પછી તેમાંથી પાછા ફરવું એ કરતા એ માર્ગ વિશે અજાણ્યા રહેવું વધારે સારું હોત. પિત્તર તેની સરખામણી કૂતરું પોતાની ...................... તરફ અથવા ધોયલી ભૂંડણ ...................... સાથે કરે છે.

(૭) ઈશ્વર સાથેની આપણી ભયમાં મૂકે તેવા નાસ્તિક સંબંધો અને અપ્રમાણિક આચરણના પુલને આપણી પાછળ બાળી નાખીએ એ અગત્યનું છે. પાઉલે કહ્યું, "પણ એક કામ હું કરુ છું." (ફિલીપ ૩ : ૧૩)

તેને શું કર્યું ? ......................

## જુના અને નવા સ્વભાવ વચ્ચે સંઘર્ષ

તમારે એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે તમે હજુ નાના બાળક છો કે જેઓ કેવી રીતે ચાલવું તે શીખી રહ્યાછે. નાના બાળકો માટે પડી જવું એ કશું અસામાન્ય નથી. આપણી પાસે દયાળુ પિતા છે કે જેઓએ આપણા સર્વ અન્યાયથી શુધ્ધ કરવાને તથા માફી પામવાને માટે આપણે સારું માર્ગ બનાવ્યો છે.

(૧) આપણને ઈસુ ખ્રિસ્તના એક જ બલિદાનથી ...................... કરવામાં આવ્યા છે. (હિબ્રૂ ૧૦:૧૪)

(૨) આપણે જાણી જોઈને પાપ કરીએ તો હવે પછી પાપોને માટે બીજું ...................... રહેતું નથી. (હિબ્રૂ ૧૦ : ૨૬)

(૩) તેમ છતાં, જો આપણે આપણા પાપ કબૂલ કરીએ તો આપણા પાપ ...................... કરવાને તથા આપણને સર્વ અન્યાયથી......................કરવાને તે ...................... તથા ...................... છે. (૧ યોહાન ૧ : ૯)

(૪) ઈશ્વરનું બાળક એક વિજયવંત જીવન જીવી શકે છે.

કૃપા અધિક થાય માટે શું આપણે ...................... ...................... ? ના એવું ના થાઓ, આપણે પાપના સંબંધમાં મુઆ, તો પછી એમાં કેમ જીવીએ ? (રોમન ૬ : ૧-૨)

(૫) શું એ શક્ય છે કે તમે સહન કરી ના શકો એવું પરીક્ષણ તમને થાય ? ...................... (૧ કરિંથી ૧૦ : ૧૩)

(૬) શું પાપે તમારા નવા જીવન પર રાજ કરવું જોઈએ ? (રોમન ૬ : ૧૪)

(૭) જ્યારે આપણે ઈશ્વર સાથે સતત ચાલવાનું રાખીએ છીએ, ત્યારે આપણે અનુભવ દ્વારા શીખીએ છીએ કે કેવી

રીતે આપણી દૈહિક ઈચ્છાઓ અને શેતાનની ભૂંડી યોજનાઓને જીતવી.

માણસનું પરીક્ષણ ક્યારે થાય ? ...................... (યાકૂબ ૧ : ૧૨-૧૫)

(૮) શું આપણે જે વિચારીએ તે બની શકીએ ? ...................... (નીતિવચનો ૨૩ : ૭)

(૯) આપણે આપણા મનની સાથે શું કરવું જોઈએ કે જેથી આપણે સાબિત કરી શકીએ કે દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે ? ...................... (રોમન ૧૨ : ૨)

જો આપણે આપણા મનને કાબુમાં રાખી શકીએ તો આપણે આપણા કાર્યોને કાબુમાં રાખી શકીએ.

## આત્મિક પરિપક્વતા માટે માર્ગદર્શન

'નવો જન્મ' પામવું એટલું જ પુરતું નથી. જેમ આપણે જાણીએ છીએ કે ઘણા બાળકો જન્મ્યા પછી ક્યારેય યુવાની સુધી વૃધ્ધિ પામતા નથી. આત્મિક મનુષ્યને જીવંત અને તંદુરસ્ત રાખવા આપણે બધા જ પ્રયત્નો કરવાની જરૂર છે. જેવી રીતે તમે તમારા કુદરતી શરીરને પોષણ આપો છો તેવી રીતે તમારા આત્મિક જીવનને ટકાવી રાખવા માટે નીચે આપેલા "૩ - એફ" આહારની યોજનાને આચરણમાં મૂકવી જરૂરી છે.

(૧) **સંગત :-**

ચર્ચ (મંડળી) અને કૌટુંબિક સભાઓમાં નિયમિત ભાગ લો.

એ પ્રમાણે સંદેશો સાંભળવાથી વિશ્વાસ થાય છે અને ...................... ના ...................... દ્વારા સંદેશો સાંભળવામાં આવે છે. (રોમન ૧૦ : ૧૭)

જેમ કેટલાએક કરે છે તેમ આપણે ...................... પડતું ન મૂકીએ, પણ આપણે એક બીજાને ઉત્તેજન આપીએ અને જેમ જેમ તે દહાડો પાસે આવતો જુઓ તેમ તેમ ...................... કરો. (હિબ્રુ ૧૦ : ૨૫)

હું આવું ત્યાં સુધી ......................, ...................... તથા ...................... પર ખાસ લક્ષ રાખજે કેમકે આ પ્રમાણે કરવાથી તું પોતાને તેમજ તારા સાંભળનારાઓને પણ ...................... (૧ તિમોથી ૪ : ૧૩, ૧૬)

જેઓને યહોવના ...................... માં રોપવામાં આવેલા છે, તેઓ આપણા દેવના આંગણામાં ...................... રહેશે. (ગીતશાસ્ત્ર ૯૨ : ૧૩)

(૨) **ખોરાક :-**

તમારી જાતને દૈનિક વાચન અને મનન દ્વારા ઈશ્વરના વચનથી માહિતગાર કરવાનું ચાલુ રાખો. "એમ લખેલું છે કે માણસ એકલી ...................... નહિ જીવશે પણ હરેક ...................... જે ...................... તેથી જીવશે." (માત્થી ૪ : ૪)

જેને શરમાવાનું કોઈ કારણ ન હોય તેવી રીતે કામ કરનાર ...................... ના ...................... સમજાવનાર અને દેવ ને પસંદ પડે એવો સેવક થવાને ...................... કર. (૨ તિમોથી ૨ : ૧૫)

(૩) **કિલ્લેબંધી :-**

નિયમિત પ્રાર્થનાનો સમય સ્થાપો

પણ વહાલાઓ, તમારા પરમ પવિત્ર વિશ્વાસમાં વધતા જઈને, પવિત્ર આત્મામાં ...................... કરો. (યહુદા ૧ : ૨૦)

...................... ...................... કરવી જોઈએ, અને કાયર થવું નહિ તે શીખવવા સારું તેણે તેઓને એક દૃષ્ટાંત કહ્યું. (લુક ૧૮ : ૧)

નિત્ય ...................... કરો. (૧ થેસ્સાલોનિકા ૫ :૧૭)

## ઈશ્વરનું કુટુંબ

'નવો જન્મ' પામવાના પરિણામે ઈશ્વર આપણા સ્વર્ગીય પિતા બન્યા છે અને તેમના આત્મા દ્વારા આપને તેમના બાળકો બન્યા થીએ. ઈશ્વરના કુટુંબમાં આપણને આત્મિક ભાઈઓ અને બહેનો બનાવવામાં આવી રહ્યા છે. તમારી જાતને દૈનિક વાચન અને મનન દ્વારા ઈશ્વરના વચનથી માહિતગાર કરવાનું ચાલુ રાખો.

(૧) કેમ કે જેટલા દેવના આત્માથી દોરાય છે. તેટલા દેવના દીકરા છે. કેમ કે ફરીથી તમને ભય લાગે એવો દાસત્વનો આત્મા તમને મળ્યો નથી પણ તમને ...................... નો આત્મા મળ્યો છે, તેના લીધે આપણે અબ્બા ...................... એવી હાંક મારીએ છીએ. આપણા આત્માની સાથે પણ પવિત્ર આત્મા પોતે સાક્ષી આપે છે કે આપણે દેવના છોકરા છીએ. (રોમન ૮ : ૧૪ - ૧૬)

(૨) જુઓ, પિતાએ આપણા પર કેટલો બધો પ્રેમ રાખ્યો છે કે આપણે ...................... ના ...................... કહેવાઈએ તેથી જગત આપણને ઓળખતું નથી કેમકે તેણે તેને ઓળખ્યો નહિ. વ્હાલાઓ આપણે દેવના છોકરા છીએ. (૧ યોહાન ૩ : ૧-૨)

(૩) કેમ કે જે પવિત્ર કરે છે, ને જેઓને પવિત્ર કરવામાં આવે છે તેઓ સર્વ ...................... થી જ છે એ માટે ઈસુ તેઓને ...................... કહેતા શરમાતો નથી. (હિબ્રુ ૨ : ૧૧)

## આરાધનાથી માહિતગાર બનવું

ચાલો આપણે વચન તપાસીએ કે તે પવિત્રસ્થાનમાં આરાધના વિશે શું કહે છે. વચન તપાસો અને ખાલી જગ્યા પૂરો.

(૧) ગીતશાસ્ત્ર ૧૫૦ : ૩-૫ આપણને કહે છે ...................... વાજીંત્રો. જેવા કે રણશિંગડું, સિતાર,

વીણા, દફ, સારંગી , શરણાઈ, તીવ્ર સુરવાલી ઝાઝોથી યહોવાની સ્તુતિ કરો.

(૨) ગીતશાસ્ત્ર ૯૮ : ૪ આપણને સુચના આપે છે કે યહોવાની આગળ ...................... કરો.

(૩) ગીતશાસ્ત્ર ૧૩૪ : ૨ પવિત્રસ્થાન ભણી તમે તમારા ...................... ઊંચા કરીને યહોવાને સ્તુત્ય માનો.

(૪) ગીતશાસ્ત્ર ૪૭ : ૧ હે સઘળા લોકો ...................... પાડો, જય જયકારના નાદથી દેવની આગળ આનંદ કરો.

(૫) ગીતશાસ્ત્ર ૧૪૯ : ૩ તેઓ તેના નામની સ્તુતિ ......................કરો.

(૬) ૨ કાળવૃતાંત ૨૦ : ૧૯ અને લેવીઓ અતિ મોટે સાદે ઈસ્ત્રાએલના દેવ યહોવાની સ્તુતિ કરવા સારુ ...................... થયા.

(૭) પ્રકટીકરણ ૧૯ : ૧, ૬ તે પછી આકાશમાં મોટા ...................... ના જેવી મેં મોટી ...................... સાંભળી. તે બોલી કે હાલેલૂયા.. અને મોટા જનસમૂહના જેવી તથા ઘણા પાણીના પ્રવાહ જેવી તથા ભારે ગર્જનાઓના જેવી વાણીને બોલતી મેં સાંભળી કે "હાલેલૂયા"

## સારાંશ

ઈશ્વરની ઈચ્છા એ છે કે તમે તમારી આસપાસની પરિસ્થિતિથી માહિતગાર બનો અને આત્મિક વાતાવરણમાં સામેલ થાઓ. દરરોજ સભાન પ્રયત્ન કરીને ઈશ્વરને માટે જીવવા, સંપૂર્ણતા મેળવવા માટે તનતોડ મહેનત કરીને આપણે વિશ્વાસુ બનીએ અને યાદ રાખીએ કે આપણે હવે કોની માલિકીની છીએ.

જેઓ તેને ખંતથી શોધે છે અને તેની ઈચ્છા પ્રમાણે કરે છે તેઓને ઈશ્વર યોગ્ય બદલો આપે છે એ જાણીને સારું કરતા થાકો નહિ. જો તમે નિષ્ફળ જાઓ તો તમારા ભૂતકાળમાંથી શીખો અને ઊભા થાઓ અને આગળ વધો. આ વચન તમારે સારુ સામર્થ્ય અને પ્રોત્સાહન આપનારુ બને તેને કદી ના ભૂલશો !

જેણે તમારામાં સારા કામનો આરંભ કર્યો તે ઈસુ ખ્રિસ્તના દહાડા સુધી તેને સંપૂર્ણ કરતો જશે. (ફિલીપ ૧ :૬)

## ઉત્તરો

**ખ્રિસ્તમાં નવી ઉત્પતિ**

(૧) પથ્થરનું, માંસનું હૃદય

(૨) જૂનું માણસપણું, નવું માણસપણું.

(૩) નવા જીવનમાં

(૪) પાપ

(૫) દેવના રાજ્યને યોગ્ય નથી.

(૬) ઓક, કાદવમાં આળોટવા સારુ પાછા જાય.

(૭) જે બાબતો પછવાડે હતી તેમને ભૂલી ગયો અને જે બાબતો તેની આગળ હતી તેની તરફ પહોંચવા આગળ વધ્યો.

**જૂના અને નવા સ્વભાવ વચ્ચે સંઘર્ષ**

(૧) પરિપૂર્ણ

(૨) બલિદાન

(૩) માફ, શુધ્ધ, વિશ્વાસુ,ન્યાયી

(૪) પાપ કર્યા કરીએ

(૫) ના

(૬) ના

(૭) જ્યારે માણસ પોતાની દુર્વાસનાથી ખેંચાય છે તથા લલચાય છે ત્યારે

(૮) હા

(૯) મનને નવું કરવું જોઈએ.

**આત્મિક પરિપક્વતા માટે માર્ગદર્શન**

(૧) ખ્રિસ્ત, વચન, એકઠું, વિશેષ પ્રયત્ન, શાસ્ત્રવાંચન, બોધ કરવા, તારીશ, મંદિર, ખીલી

(૨) રોટલીથી, શબ્દ, દેવના મુખમાંથી નીકળે છે, નિષ્કપટ, આત્મિક, પ્રયત્ન

(૩) પ્રાર્થના, સર્વદા, પ્રાર્થના, પ્રાર્થના

**ઈશ્વરનું કુટુંબ**

(૧) દત્તકપુત્રપણા, બાપ્પ

(૨) દેવ, છોકરાં

(૩) એક, ભાઈઓ

**આરાધનાથી માહિતગાર બનવું**

(૧) સંગીતના

(૨) હર્ષનાદ

(૩) હાથ

(૪) તાળી

(૫) નૃત્યશક્તિ

(૬) ઉભા

(૭) જનસમૂહ, વાણી